**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨. ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૮૪ ટકા





સેકટર-૨૩ સર્વ વિદ્યાલય ગર્લ્સ હોસ્ટેલ ખાતે મેરી મીટ્ટી મેરા દેશ અંતર્ગત હોસ્ટેલની વિદ્યાર્થીનીઓને શપથ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે કાઉન્સિલર વોડ નંબર-પના હેમાબેન ભટ્ટની ઉપસ્થિતિમાં શપથગ્રહણ કર્યા.

# સે-૬ સરસ્વતી વિદ્યાલયમાં નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું



ગાંધીનગર, તા.૮

સેક્ટર ૬ માં આવેલી સરસ્વતી વિદ્યાલયમાં નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ડોક્ટરોની ટીમ સરસ્વતી વિદ્યાલયમાં આવી હતી. કેજી થી ધોરણ ૧૨ સુધીના વિદ્યાર્થીઓની શારીરિક તપાસ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની ઊંચાઈ તેમજ વજન કરવામાં આવ્યું હતું.સાથે સાથે આંખો દાંત, જીભ, ગળું, પેટ વગેરે અંગોની તપાસ કરીને કોઈ તકલીફ જણાય તો તે પ્રમાણે વિદ્યાર્થીઓને દવા આપવામાં આવી હતી. તેમજ નજીકના દવાખાને જવાનું જણાવવામાં આવ્યું હતું.અશક્ત જણાતા વિદ્યાર્થીઓને શક્તિની દવા આપવામાં આવી હતી. શાળાના આચાર્ય તેમજ શિક્ષકો અને વિદ્યાર્થીઓની સહભાગીતાથી સરસ્વતી વિદ્યાલય માં નિદાન કેમ્પ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયો હતો.

# ગુજરાત સ્ટેટ યોગ ચેમ્પિયનશિપ ૨૦૨૩ યોજાઈ

## કુલ ૨૫૦ યોગ સ્પર્ધકોએ ભાગ લીધો : યોગ સ્પોર્ટસ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા/ગુજરાત અને ઈન્ટરનેશનલ દ્વારા ચેમ્પિયનશિપ




ગાંધીનગર, તા.૮

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ યોગને વિશ્વ સ્તરે પ્રસિદ્ધિ અપાવી છે. યોગવિદ્યા પ્રત્યે લોકજાગૃતિ વધારવા અને વધુને વધુ લોકોને યોગ સાથે જોડવા તથા યોગ સાથે સંકળાયેલા લોકોને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ સાથે ગુજરાત સ્ટેટ યોગ ચેમ્પિયનશિપ ૨૦૨૩નું આયોજન કરવામાં આવે છે. અમદાવાદ લોહાણા વિદ્યાર્થી ભવન ખાતે યોગ સ્પોર્ટસ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા અને ઈન્ટરનેશનલ તેમજ યોગ સ્પોર્ટસ ફાઉન્ડેશન ઓફ ગુજરાત દ્વારા ગુજરાત સ્ટેટ યોગ ચેમ્પયનશિપ ૨૦૨૩ યોજાઈ હતી.

ટૂર્નામેન્ટમાં ૯ વર્ષથી ૪૫ વર્ષ સુધીના અને ૪૫ વર્ષથી ઉપરના કુલ ૨૫૦ ભાઈઓ - બહેનોએ ભાગ લીધો હતો. ૨૫૦ સ્પર્ધકો અને ૧૫૦ વાલીઓ સહિત કુલ ૪૦૦ લોકો આ ટૂર્નામેન્ટમાં સહભાગી બન્યાં હતાં.

ટૂર્નામેન્ટમાં જનરલ ચેમ્પિયન્સ તેમજ બેસ્ટ ઓફ બેસ્ટ ટીમ ભાવનગર બનેલ, જયારે રનર્સ અપ અમદાવાદ ટીમ બનેલ. મિસ યોગિની ગુજરાત શ્રી ઋચા ત્રિવેદી અને મિસ્ટર યોગી ગુજરાત હિતેન મકવાણા, ભાવનગર જાહેર થયેલ, જયારે ૪૫થી ઉપરના ઓપન ગ્રૂપમાં મિસ યોગિની ગુજરાત શ્રી જયોતિબહેન ઓઝા અને મિસ્ટર યોગી ગુજરાત શ્રી ધીરુભાઈ રાઠોડ,અમદાવાદ જાહેર થયેલ. ભાગ લેનાર તમામ ખેલાડીઓને ટ્રોફી, સર્ટિફિકેટ અને કેપ આપવામાં આવી હતી તેમજ વિજેતાઓને મેડલ, ટ્રોફી, સર્ટિફિકેટ અને ટોપી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ચીફ ગેસ્ટ તરીકે વિયેતનામથી ઈન્ટરનેશનલ યોગ સ્પોર્ટસ ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ વુ હોંગ યેન ઉપસ્થિત રહ્યા હતા. રૂજીહૈંના ઈન્ટરનેશનલ જનરલ સેક્રેટરી શ્રી શિવમ મિશ્રા દિલ્હીથી અતિથિવિશેષ તરીકે પધાર્યા હતા.

વિયતનામથી પધારેલ વુ હોંગ યેન દ્વારા ગુજરાત રાજયના જે ખેલાડી તા ૧૯, ૨૦ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ દહેરાદૂનમાં યોજાનાર નેશનલ યોગ ટુર્નામેન્ટમાં તેમજ વિયતનામમાં ઓક્ટોબર ૨૦૨૩માં યોજાનાર આંતરરાષ્ટ્રીય યોગ સ્પોર્ટસ ચેમ્પયનશિપમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરશે તેમને ૯૦,૦૦૦ કેશ પ્રાઈઝ ઈનામ આપવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.


**જન્મદિને વધામણી**




રાકેશ દવે
રેડક્રોસ, ગાંધીનગર
કારોબારી સભ્ય, કલ્ચરલ ફોરમ



ડેલ્વિના
ગૌતમકુમાર અમિન
મો. ૯૭૨૩૨ ૭૫૧૫૧



મહર્ષ એન મોદી
મો. ૮૧૬૦૯ ૬૫૭૪૦



પંશુલ હિતેશ ચૌધરી



વિહાન ડી.સોલંકી

# જુના સચિવાલય ખાતે ઓપન ગુજરાત ચેસ ટુર્નામેન્ટ યોજાશે

ગાંધીનગર, તા.૮

ચેસ એસોસિએશન ગાંધીનગર દ્વારા ઓપન ગુજરાત ચેસ ટુર્નામેન્ટનું આયોજન જુના સચિવાલય કેન્ટિન, ગાંધીનગર ખાતે તારીખ ૨૦ના રોજ કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે પી.એમ ઝાલા ૯૯૦૪૪૧૭૮૨૭, મૂકેશ પરમાર ૯૯૨૫૩૮૪૬૩૩, હરીશ આસનાની ૯૪૨૮૪ ૦૫૮૮૮, આર કે ઝાલા ૬૩૫૧૫૯૬૩૯૩, રોહિત ત્રિવેદી૯૭૨૩૭૮૭૬૦૯, હર્ષદ મારવાડી ૯૯૨૪૬૮૧૫૮૮ અને અલકેશ ખલાશ ૮૧૪૧૬૮૯૩૩૭નો સંપર્ક કરવાનો રહેશે.

ઓપન કેટેગરીમાં રૂ.૨,૫૦૦, ૨,૧૦૦, ૧,૭૦૦, ૧,૫૦૦, ૧,૨૦૦ અને ૧,૦૦૦ તેમજ ૭૦૦ના ઈનામો છે,આ ઉપરાંત ટ્રોફી અને મેડલ્સ આપવામાં આવનાર છે. સ્પર્ધા માં ભાગ લેવા વહેલા તે પહેલાના ધોરણે રજિસ્ટ્રેશન ફરજિયાત છે. રેટિંગ વાળા સ્પર્ધકોએ ઓપન કેટેગરીમાં ભાગ લેવાનો રહેશે. જ્યારે ૯ વર્ષ નીચે, ૧૨ વર્ષ નીચે, ૧૫ વર્ષ નીચે અને ઓપન કેટેગરીમાં સ્પર્ધા યોજાનાર છે. સ્પર્ધકો માટે ભોજનની વ્યવસ્થા કરાઈ છે. વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે તેમ સંસ્થાની યાદીમાં જણાવાયું છે.

# સ્વાતંત્ર્ય દિનના અનુસંધાને ભાજપ યુવા મોરચાના કાર્યકરો તિરંગા વિતરણ કરશે

ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલના માર્ગદર્શન હેઠળ અને પ્રદેશ યુવા મોરચાની કાર્યસૂચિ મુજબ શહેર ભાજપા યુવા મોરચા દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાશે જે અંતર્ગત ૧૧,૧૨,૧૩ ઓગસ્ટ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં માર્કેટ, શોપિંગ સેન્ટર અને ચાર રસ્તા જેવા જાહેર સ્થળો પર તિરંગા વિતરણ કરવામાં આવશે. ૧૪ ઓગસ્ટના રોજ વિભાજન વિભિષીકા સ્મૃતિ દિવસ નિમિત્તે મૌન સરઘસ સ્વરૂપે મશાલ યાત્રાનું આયોજન કરવામાં આવશે. દેશના સ્વતંત્ર દિન નિમિત્તે શહેર ભાજપના અગ્રણીઓ, ચુંટાયેલા સભ્યો, કાર્યકર્તાઓ પોતાના નિવાસસ્થાને તિરંગો લહેરાવશે.

આ ઉપરાંત મેરી માટી, મેરા દેશ અભિયાનના અનુસંધાને દેશની આઝાદી માટે જીવન સમર્પિત કરનાર સ્વાતંત્ર્ય સેનાનીઓની સ્મૃતિમાં વૃક્ષારોપણના કાર્યક્રમ યોજાશે.

# વિજ્ઞાન ગુર્જરી દ્વારા સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ-૨૦૨૩નું આયોજન

ગાંધીનગર, તા. ૮

વિજ્ઞાન ભારતી એ રાષ્ટ્રીય કક્ષાની સ્વદેશી વિજ્ઞાનને અનુમોદન આપતી સંસ્થા છે. આ સંસ્થાની ગુજરાત પ્રાંત એકમની સંસ્થા એટલે વિજ્ઞાન ગુર્જરી. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં સ્વદેશી વિજ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરવાનો છે. વિજ્ઞાન ગુર્જરી એ ગ્રામીણ વિકાસમાં વિજ્ઞાન તેમજ વિજ્ઞાન દ્વારા સામાજિક સશક્તિકરણ કરવાનું પણ છે. આ ભગીરથ કાર્યમાં યુવા છાત્ર દર વર્ષે વિજ્ઞાન ગુર્જરીના માધ્યમથી જોડાય છે અને વિજ્ઞાન વિશેની જાણકારીઓ પણ મેળવે છે. વિજ્ઞાન ગુર્જરી દ્વારા દર વર્ષે સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ તેમજ ગુજરાત વિજ્ઞાન સંમેલન જેવા વિવિધ કાર્યક્રમોથી શાળાકીય કક્ષાના વિદ્યાર્થીઓથી લઈ યુનિવર્સિટી કક્ષાના વિદ્યાર્થીઓને જોડે છે. વિજ્ઞાન ગુર્જરી દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કારથી નવાજમાં આવે આવે છે. વિજ્ઞાન ગુર્જરી દ્વારા આયોજિત વિવિધ કાર્યક્રમોમાં રાજ્યની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ તેમજ વિવિધ સંશોધન સંસ્થાઓ જેવી કે ઈસરો, પીઆર એલજી.બી.આર.સી. જોડાઈ છે અને આ સંસ્થાઓના શિક્ષણવિદો અને વૈજ્ઞાનિકો દ્વારા વિદ્યાર્થીઓને જ્ઞાન પુરૂ પાડે છે. જે આગળ જતાં તેમની કારકિર્દીમાં ઉપયોગી બને છે. વિજ્ઞાન ગુર્જરી દ્વારા તા. ૧૦ ઓગષ્ટના રોજ સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ-૨૦૨૩નું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં ૨૫૦થી વધુ શૈક્ષણિક સંસ્થાઓમાં વિવિધ વિષય તજજ્ઞો દ્વારા વિજ્ઞાન અને ટેકનોલોજીના વિવિધ વિષયો ઉપર વ્યાખ્યાનનું આયોજન કરેલ છે. આ કાર્યક્રમ ઈસરોના ડાયરેક્ટર નિલેશભાઈ દેસાઈ, પી.આર.એલ.ના ડાયરેક્ટર અનિલભાઈ ભારદ્વાજ તેમજ વિજ્ઞાન ગુર્જરી ગુજરાત પ્રાંતના પ્રમુખ ડોક્ટર ચેતન્યભાઈ જોશીના માર્ગદર્શન હેઠળ થવાનું છે.

જે અંતર્ગત વિજ્ઞાન ગુર્જરીના સચિવ ડૉ. પ્રશાંતભાઈ કુંજડીયા તેમજ સહ સચિવ જીગ્નેશભાઈ બોરીસાગર દ્વારા રાજ્યના વિવિધ શહેરોમાં આયોજિત વ્યાખ્યાનમાળાનું સંચાલન કરવામાં આવશે.

# દાંડી કુટીર ખાતે વિક્રમ શ્રીધર દ્વારા ''મોહનદાસ થી મહાત્મા''ની સફરનું આયોજન

ગાંધીનગર, તા.૮

વાર્તા શબ્દ સાંભળતા જ આપણે સૌ આપણા બાળપણમાં ડોકિયું કરીએ છીએ. આપણામાંથી કોઈનું પણ બાળપણ એવું ના હોય શકે જેમાં વાર્તાઓ ના હોય. વાર્તા એટલે આપણી કલ્પના ના આધારે આબેહૂબ ઊભી થતી આપણી સાચુકલી લાગતી દુનિયા. ભૂતકાળમાં આપણા દાદા-દાદી અને નાના-નાની વાર્તા સંભળાવતા અને વર્તમાન સમયે આ કાર્ય કરી રહ્યાં છે બેંગ્લોરના ઉમદા વાર્તાકાર વિક્રમ શ્રીધર.

ઘણા લાંબા સમયથી કાર્યરત યુવા વાર્તાકાર વિક્રમ શ્રીધર એમની અદભુત વાર્તા 'મોહનદાસ થી મહાત્મા સુધીનો સફર' આપણા પૂજ્ય રાજપિતા ગાંધીબાપુની કથા લઈને આપવી વચ્ચે આવી રહ્યાં છે ગાંધીનગર આવી રહ્યાં છે. તેઓ ફક્ત ઈન્ટરનેટ પર કે બુક્સમાંથી નહિ પણ એ પોતે મહાત્માના અમુક સ્થળોએ પોતે જઈને બાપુ વિશેનું પોતાનું એક આગવું સર્જન શ્રીધરએ કર્યું છે. વિક્રમ શ્રીધર એમના દરેક સ્ટોરી ટેલિંગ સેશનમાં આગ્રહ રાખતા હોય છે શ્રોતા ફક્ત સાંભળે નહિ સવાલો પણ કરે સેશનને વધુ જીવંત બનાવે.

તા. ૧૧ ઓગષ્ટ, ૨૦૨૩, શુક્રવારના રોજ દાંડી કુટીર ખાતે યોજાઈ રહેલા જાણીતા વિક્રમ શ્રીધરની 'મોહનદાસ થી મહાત્મા સુધીનો સફર' અંગેનો અદ્‌ભૂત કાર્યક્રમમાં સહભાગી ફોન નંબર ૮૭૪૫૦૦૧૧૨૨ ઉપર રજિસ્ટ્રેશન કરાવી શકાશે. કાર્યક્રમમાં એન્ટ્રી ફ્રી રહેશે. પરંતુ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. તા. ૧૧ ઓગષ્ટ, ૨૦૨૩ સવારે ૧૧ થી ૧૨ના રોજ શાળા વિદ્યાર્થીઓ માટે રજીસ્ટ્રેશન દ્વારા તેમજ સાંજે ૬ થી ૭ કલાકે શહેરના દરેક નાગરિકો માટે આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. ચાલો ગાંધીનગર, આપણા આંગણે આવેલા આ કથાકાર ને બતાવીએ કે આ તો બાપુનું નગર છે જેમાં બાપુ અમારા દરેકમાં વસે છે.

**જગતના તાતને સરકારનો સાથ**

# ૮૮ લાખથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોની પડખે સરકાર

## સરકારે છેલ્લા ૯ વર્ષમાં કુદરતી આફતથી અસરગ્રસ્ત ખેડૂતોને રૂ.૧૦,૦૦૦ કરોડથી વધુ રકમની સહાય ચૂકવી

ગાંધીનગર, તા.૮

ગુજરાત સરકારનો અભિગમ હંમેશા ખેડૂતલક્ષી રહ્યો છે, વર્ષ ૨૦૧૫-૧૬ થી અત્યારસુધીમાં કુદરતી આફતોમાં અસરગ્રસ્ત થયેલા ખેડૂતોને ચૂકવાયેલી સહાયની રકમનો આંકડો આ વાતનો પુરાવો છે. ગુજરાત સરકારના કૃષિ વિભાગમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૫-૧૬ થી લઈને વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં કુદરતી આફતમાં થયેલા પાક નુકશાનીમાં રાહત આપવા ૮૮.૭૬ લાખ અસરગ્રસ્ત ખેડૂતોને રૂ. ૧૦,૫૩૨ કરોડથી વધુ રકમની આર્થિક સહાય ચૂકવી છે.

એ સર્વવિદિત છે કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ટીમ ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્ય સાથે કાર્યરત છે, પણ કમનસીબે અનેકવાર અતિવૃષ્ટી, અનાવૃષ્ટી, વાવાઝોડું કે માવઠા જેવા કુદરતી પરિબળોના કારણે કિસાનોએ વ્યાપક પ્રમાણમાં પાક-નુકશાની સહન કરવી પડી છે. જો કે, આવા કપરા સંજોગોમાં કેન્દ્ર અને ગુજરાત સરકાર ખેડૂતોની પડખે અડીખમ ઉભી રહી છે. જો વિગતવાર જોઈએ તો, વર્ષ ૨૦૧૫-૧૬માં ભારે વરસાદ અને કમોસમી વરસાદના પગલે ૧,૮૨,૦૪૧ ખેડૂતોના પાકને મોટા પાયે નુકશાન થયું હતું. આ નુકશાનીની સહાય પેટે સ્ટેટ ડિઝાસ્ટર રિલિઝ ફંડ હેઠળ ખેડૂતોને રૂ. ૨૭૯.૨૨ કરોડની સહાય ચૂકવવામાં આવી હતી. તે જ રીતે વર્ષ ૨૦૧૭-૧૮માં ભારે વરસાદ, પૂર અને જમીન ધોવાણના કિસ્સામાં ૭,૬૯,૫૭૦ ખેડૂતોને નુકશાની સહન કરવાનો વારો આવ્યો હતો. રાજય સરકારે ખેડૂતોને આ નુકશાની પેટે રૂ. ૧,૭૦૬. ૬૦ કરોડની રકમ સહાય તરીકે ચૂકવી હતી. બીજા જ વર્ષે એટલે કે વર્ષ ૨૦૧૮-૧૯ માં પણ ભારે વરસાદ,પૂર અને દુષ્કાળ જેવી આફતોમાં ૧૭,૫૯,૬૧૪ ખેડૂતોને રાજય સરકારે રૂ.૧,૬૭૮.૦૯ કરોડની રકમ સહાય પેટે ચૂકવી. તે જ રીતે વર્ષ ૨૦૧૯-૨૦માં પણ કમોસમી વરસાદના કિસ્સામાં ૩૩,૧૮,૦૯૭ ખેડૂતોને કૃષિ સહાય પેકેજ તરીકે રૂ. ૨,૪૮૯.૫૮ કરોડની સહાય ચૂકવવામાં આવી. વર્ષ ૨૦૨૦-૨૧ પણ બાકાત ન હતું. આ વર્ષમાં ભારે વરસાદ, પૂરના પગલે રાજ્યના ૧૯,૦૩,૫૭૫ ખેડૂતોને ખેતીમાં નુકશાન થયું. જેની સહાય પેટે સરકાર દ્વારા રૂ.૨,૯૦૫.૯૭ કરોડની ચૂકવણી કરવામાં આવી. વર્ષ ૨૦૨૧-૨૨માં વાવાઝોડાએ કહેર વર્તાવ્યો.

વાવાઝોડાથી થયેલા નુકશાનના પગલે રાજ્યના ૭,૬૭,૩૩૦ ખેડૂતોને બે તબક્કામાં રૂ. ૧,૨૪૦.૫૮ કરોડની સહાય ચૂકવવામાં આવી. વર્ષ ૨૦૨૨-૨૩માં પણ રાજ્યએ અતિવૃષ્ટીનો સામનો કરવો પડ્યો. અતિવૃષ્ટીના કારણે ૧,૩૮,૬૯૧ ખેડૂતોને આર્થિક નુકશાની સહન કરવાનો વારો આવ્યો. આ સ્થિતિમાં રાજ્ય સરકારે રૂ. ૧૪૭ કરોડની સહાય ચૂકવી. વર્ષ ૨૦૨૩-૨૪માં પણ કમોસમી વરસાદની સ્થિતિમાં ૩૭,૦૪૫ ખેડૂતોને કૃષિ રાહત પેકેજ જાહેર કરીને ૮૫.૪૯ કરોડની સહાય ચૂકવી. આમ, છેલ્લા ૯ વર્ષના સમય-ગાળામાં ગુજરાતમાં આવેલી કુદરતી આફતોમાં ગુજરાત સરકાર ધરતીપુત્ર સાથે ખભેખભા મિલાવી ઉભી રહી છે.

# ચિલોડા મોટા ખાતે નિશુલ્ક આંખનો નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક ચિલોડા ખાતે નિશુલ્ક આંખના નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું.

આઝાદી કા અમૃત મહોત્સવ, નેશનલ હાઈવે ઓથરિટી ઓફ ઈન્ડિયા, કે.સી.સી. બિલ્ડકોન પ્રા.લી. તથા પાટીલ આંખની હોસ્પિટલ મોટા ચિલોડાના સંયુક્ત ઉપક્રમે મોટા ચિલોડા ખાતે નિશુલ્ક આંખના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં આંખનાં વિવિધ રોગોની તપાસ કરવામાં આવી હતી. ૧૦૦ થી પણ વધારે દર્દીઓએ આ નિશુલ્ક નિદાન કેમ્પનો લાભ લીધો હતો.

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.રાઠોડ મુળજીભાઈ વિહાભાઈ ઉ.વ.૬૨, ગાંધીનગર
- સ્વ.શાહ રાજકુમાર રામપ્રતાપ ઉ.વ.૮૪, રાયસણ
- સ્વ.નાઈ વિષ્ણુભાઈ ચંદુભાઈ ઉ.વ.૩૮, શિહોલી મોટી
- સ્વ.ઠાકોર લાલાજી ધુળાજી ઉ.વ.૭૯, ગોલથરા, કલોલ
- સ્વ.ત્રિવેદી શકુંતલાબેન કનૈયાલાલ ઉ.વ.૭૧, ગાંધીનગર
- સ્વ.પટેલ મનુભાઈ જીવાભાઈ ઉ.વ.૬૪, પ્રાંતિયા